AAU

જી. પી. એફ. ખાતાધારક અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓની વર્ષ : ૨૦૨૩-૨૪ની જી.પી.એફ. સ્લીપો મેળવી લેવા બાબત.

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં. : આ.કૃ.યુ./ હિનિ / જી.પી.એફ / ૪૭૨ /૨૦૨૪

**તા. : ૧૬-૦૫-૨૦૨૪**

## :: પરિપત્ર ::

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરી ખાતે ફરજ બજાવતાં જી.પી.એફ. ખાતા ધરાવતાં અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓની વર્ષ : ૨૦૨૩-૨૪ ની જી.પી.એફ. સ્લીપો તૈયાર થઇ ગયેલ છે. જેથી ફેબ્રુઆરી-૨૦૨૪ના પગારબીલ મુજબના કર્મચારીઓના તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મચારીઓના એમ્પ્લોય નંબર, જી.પી.એફ. નંબર અને નામની યાદી તૈયાર કરી સંબંધિત યુનિટ અધિકારીશ્રીની સહી-સિક્કા સહિતનો પત્ર રજુ કરી જી.પી.એફ. સ્લીપો **તા.૩૧/૦૫/૨૦૨૩ સુધીમાં** અત્રેની કચેરીની જી.પી.એફ. શાખામાંથી રૂબરૂમાં મેળવી લેવા જણાવવામાં આવે છે. તેમજ જો કોઇ કર્મચારીની જી.પી.એફ. સ્લીપમાં ભુલ જણાય તો **તા.૦૩/૦૬/૨૦૨૪** સુધી આ સાથે સામેલ પત્રકમાં જરૂરી આધાર-પુરાવા સહ અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે ત્યારબાદ કોઇપણ પ્રકારની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને **ભવિષ્યમાં વ્યાજ તથા કપાત અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી જે-તે કચેરીના ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.** સદર કર્મચારીની જી.પી.એફ. સ્લીપોની બે કોપી અત્રેથી આપવામાં આવશે જે પૈકી એક કોપી આપની કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે તેમજ જી.પી.એફ. સ્લીપો જે તે અધિકારી / કર્મચારીને આપની કક્ષાએથી વિતરણ કરવાની રહેશે અને તે વિતરણ કર્યા અંગેનું આ સાથે સામેલ નમુનામાં રજીસ્ટર તૈયાર કરી તેમાં કર્મચારીની સહી કરાવી અત્રેની કચેરીને અવશ્ય મોકલી આપવાનું રહેશે.

વધુમાં જણાવવાનું કે, નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જે અધિકારી / કર્મચારીઓની રૂ.૫,૦૦,૦૦૦/-થી વધુની જી.પી.એફની કપાતના વ્યાજની આવકને આવકવેરા તરીકે દર્શાવવાની રહેશે અને તે પ્રમાણે ઈન્કટેક્ષની કપાત કરવાની રહેશે. તેમજ ચાલું નાણાંકિય વર્ષના ઈન્કમટેક્ષમાં વર્ષ ૨૦૨૩-૨૪ની જી.પી.એફ વ્યાજની રકમ અલગથી દર્શાવી તે ફોર્મની એક નકલ અત્રેની કચેરીને અવશ્ય મોકલી આપવાની રહેશે. વધુમાં હજુ ઘણા બધી કચેરીઓ દ્વારા જે અધિકારી / કર્મચારી નિવૃત્ત થવાના હોય તેના ત્રણ માસ અગાઉ જી.પી.એફની કપાત બંધ કરવામાં આવતી નથી તેવું ધ્યાન પર આવેલ છે જે અંગે સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા ફરજીયાત કપાત બંધ કરવા સુચાના આપેલ છે જેથી ત્રણ માસ એટલે કે કોઈ કર્મચારી માહે-ઓગષ્ટ માં નિવૃત્ત થતાં હોય તો તેની કપાત જુન,જુલાઈ અને ઓગષ્ટ એમ ત્રણ માસ ફરજીયાત બંધ કરવા આથી જણાવવામાં આવે છે.

હિસાબ નિયામક

**સામેલ : જી.પી.એફ. સ્લીપમાં સુધારા અંગેનું પત્રક**

**નકલ રવાના :-**

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ, આણંદ તરફ આ પરિપત્ર વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.

**વર્ષ : ૨૦૨૩-૨૪ ની જી.પી.એફ. સ્લીપમાં સુધારા અંગેનું પત્રક**

| કચેરીનું નામ : | | | | યુનિટ નંબર : |
|---|---|---|---|---|
| એમ્પલોય નંબર | જી.એ.યુ. પી.એફ. નંબર | એ.એ.યુ. પી.એફ. નંબર | કર્મચારીનું નામ | સુધારાની વિગત |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપરોક્ત જણાવ્યા મુજબના સુધારાની ચકાસણી કરતાં બરાબર માલુમ પડેલ છે. તો આ સાથે સામેલ આધાર પુરાવાને ધ્યાને લઇ જરૂરી સુધારા કરી નવી પી.એફ. સ્લીપ આપવા વિનંતી.

**ઉપાડ અને ચુકવણા અધિકારી**

**કચેરીના વડા**
**સહી તથા સિક્કો**

# વર્ષ : ૨૦૨૩-૨૪ ની જી.પી.એફ. સ્લીપ વિતરણ રજીસ્ટર

| કચેરીનું નામ : | | | યુનિટ નંબર : |
|---|---|---|---|
| અનુ ક્રમ નં | જી.પી.એફ. નંબર | કર્મચારીનું નામ | કર્મચારીની સહી |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |